# ગ્રામિણ ભારત ખુલ્લામાં શૌચથી મુક્ત જાહેર : વધુ એક મોટી સિદ્ધિ

**સાબરમતી રિવરફ્રન્ટ પર સરપંચ સંમેલનમાં મોદીની જાહેરાત : ગાંધીજી જેવી વ્યવસ્થા ઇચ્છતા હતા તેવી વ્યવસ્થા ઉભી કરવા માટે અવિરત પ્રયાસો થઇ રહ્યા છે : સ્વચ્છ ભારત મિશનમાં ૬૦ કરોડ શૌચાલયો : મોદી**

અમદાવાદ, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિના અવસરે ગુજરાતની એક દિવસની યાત્રાએ પહોંચ્યા હતા. મોદીએ સાંજે એરપોર્ટ ખાતે આયોજિત કાર્યક્રમમાં સંબોધન કર્યા બાદ મોદી સાંજે રિવરફ્રન્ટ ઉપર સરપંચોના સંમેલનમાં ભાગ લઈને જુદા જુદા વિષયો ઉપર વાત કરી હતી. સાથે સાથે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાનો ઉલ્લેખ કર્યો હતો. મોદીએ સરપંચ સંમેલનમાં ગ્રામ્ય ભારતને ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્ત કરવાની જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે, દેશના લોકોની સમર્પણ ભાવના, ત્યાગભાવનાના પરિણામ સ્વરુપે પાંચ વર્ષના સખત પરિશ્રમના કારણે આ બાબત સફળ બની છે. ગ્રામિણ ભારત ખુલ્લામાં શૌચથી મુક્ત થયું છે. હજુ સ્વચ્છતા મિશન યથાવતરીતે જારી રહેશે. સ્વચ્છતાના આ મિશનમાં તમામ લોકો જોડાયા છે જેમાં બોલીવુડથી લઈને રમતવીરોનો સમાવેશ થાય છે. ૬૦ મહિનાના ટૂંકા ગાળામાં જ ૬૦ કરોડતી વધુ ટોયલોટોનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે, સ્વચ્છતાના કારણે ગરીબ લોકોના તબીબી ખર્ચમાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે. સ્વચ્છ ભારત મિશન જીવનને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. સ્વચ્છ ભારતના સંદર્ભમાં વાત કરતા મોદીએ જુદા જુદા આંકડાઓનો ઉલ્લેખ કર્યો હતો. સ્વચ્છતાના આ અભિયાનમાં બોલીવુડથી લઈને રમતગમત સુધી જોડાયેલી હસ્તીઓને ભાગ લેવાના સંદર્ભમાં મોદીએ વાત કરી હતી. તેમણે જાહેરાત કરી હતી કે, સરકારે જળજીવન મિશન ઉપર ત્રણ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવાનો નિર્ણય કર્યો છે. દેશવાસીઓની સક્રિય ભાગીદારીના પરિણામ સ્વરુપે આ બાબત શક્ય બની રહી છે. લોકોની ભાગીદારી વગર કોઈપણ મિશન સફળ થશે નહીં. મોદીએ કહ્યું હતું કે, ઈતિહાસ આજે દોહરાવી રહ્યું છે જે રીતે બાપુના આહવાન પર દેશવાસીઓ સત્યાગ્રહમાં આગળ આવ્યા હતા તેવી જ રીતે સ્વચ્છાગ્રહ માટે કરોડો ભારતવાસી આગળ આવ્યા છે. તમામ લોકોએ સખત પરિશ્રમ કરીને બાપૂના સપનાને સાકાર કરવામાં ભૂમિકા ભજવી છે. આ આંદોલનમાં અમને શરૂઆત પોતાનાથી કરવાની છે. સ્વચ્છતાની યાત્રામાં આજ એકમાત્ર માર્ગ હોવાની વાત કરતા તેમણે કહ્યું હતું કે, આજે સમગ્ર દુનિયા સ્વચ્છ ભારત અભિયાનના અમારા મોડલથી શિખવા માટે ઈચ્છુક છે. સરકાર જળજીવન મિશન ઉપર અભૂતપૂર્વ રકમ ખર્ચ કરીને આગળ વધવા માંગે છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, સ્વચ્છતા મિશનમાં જે લોકો પાછળ રહી ગયા છે તે લોકોને પણ સાથે જોડવાની જરૂર છે. જળજીવન મિશન સાથે લોકોને જોડવાનો સમય આવી ગયો છે. આજે જે સફળતા મળી છે તે માત્ર તબક્કા તરીકે છે. સ્વચ્છ ભારત માટે સતત અમારા પ્રયાસ જારી છે. સ્વચ્છ ભારત અભિયાન સ્વચ્છતાની કમીના કારણે ગરીબોને થનારી બિમારીઓથી બચાવવામાં આગળ વધી રહ્યું છે. તેનાથી પ્રેરણા મળે છે.

# ગુજરાત પ્રાથમિક શિક્ષકોએ બપોરે બે વાગ્યા સુધીમાં ખાદી ખરીદીને બીલો રજુ કરવા ફરમાન

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી ઉજવણી સમગ્ર દેશમાં કરાઈ રહી છે ગાંધીના વિચારો અને આદર્શોને વરેલો દેશમાં ચોક્કસ વર્ગ છે હંમેશા ખાદી જ પહેરે છે ગાંધી જન્મ જયંતિ નિમિત્તે મોટી સંખ્યામાં લોકો ખાદી ખરીદવાની સાથે ખાદીના વસ્ત્રો ધારણ કરે છે. ખાદી પહેરવાથી જાણે ગાંધી થઈ જવાતું હોય તેમ રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયમન કચેરીએ વાહવાહી ખાટવા દર વર્ષની જેમ આ વર્ષે પણ દરેક જીલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં પરિપત્ર કરી પ્રાથમિક શિક્ષકોએ ખાદી ખરીદી કરી અને કેટલી કિંમતની કરી તે અંગેના બિલ સહીત વિગત બપોરે બે વાગ્યા સુધીમાં મોકલી આપવા ફરમાન કર્યું છે. શિક્ષણ વિભાગના ફતવાથી શિક્ષકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે.

ગાંધી જયંતી નિમિત્તે દર વર્ષે શિક્ષકો દ્વારા ખાદી ખરીદવામાં આવતી હોય છે. તે મુજબ ચાલુ વર્ષે પણ શિક્ષકો દ્વારા ખાદી ખરીદવામાં આવે તેવી વ્યવસ્થા દરેક જિલ્લામાં ગોઠવવામાં આવે. તેમજ જિલ્લામાં કેટલા શિક્ષકોએ ખાદી ખરીદી તથા કેટલી કિંમતની ખાદી ખરીદી કરી તેની વિગતો બપોરે બે વાગ્યા સુધીમાં દરેક જીલ્લા શિક્ષણાધિકારી કચેરીએ માહિતી પ્રાથમિક શિક્ષણ નિયમન કચેરીએ મોકલી આપવા તાકીદ કરી છે.

રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયમન કચેરીના પરિપત્રના અનુસંધાને અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગની સૂચનાથી તાલુકા પ્રાથમિક શિક્ષણધિકારીઓએ શાળાના દરેક આચાર્યએ બપોરે ૧૨ વાગ્યા સુધીમાં શાળાનું નામ, ખાદી ખરીદનાર શિક્ષકોની સંખ્યા અને કેટલી કિંમતની ખાદી ખરીદી છે તેના બિલ બિનચૂક જુથમંત્રીએ એકત્રિત કરી મોકલી આપવા પરિપત્ર કરવામાં આવ્યો છે.

**રાજ્ય સરકારે દર મંગળવારે શિક્ષકોએ ખાદી પહેરવા કરેલા નિર્ણયનું સુરસુરિયુ**

વર્ષ-૨૦૧૬માં ગાંધી નિર્વાણ દિવસે રાજ્યની તમામ શાળામાં શિક્ષકોએ દર મંગળવારે ખાદીના વસ્ત્રો પહેરવાનો આદેશ આપ્યો હતો. પરંતુ હાલની સ્થિતિમાં શાળાઓમાં આંગળીના વેઢે ગણી શકાય તેટલા પણ શિક્ષકો ખાદીના વસ્ત્રો પહેરતા હોય તો નવાઈની વાત ગણાશે. આમ સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, દર મંગળવારે શિક્ષકોએ ખાદી પહેરવાનો નિર્ણય માત્ર કાગળ પર જ રહ્યો છે.



**મોડાસા બહેરા-મૂંગા શાળાના બાળકો માટે હેલ્થ ગાર્ડન ખુલ્લો મુકાયો**

મોડાસા શહેરમાં લાયન્સ સોસાયટી સંચાલિત વા.હી.ગાંધી બહેરા- મૂંગા શાળામાં અરવલ્લી જીલ્લા સહીત આજુબાજુના વિસ્તારના જરૂરિયાતમંદ અને ગરીબ દિવ્યાંગ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. શાળામાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકો માટે ''ચિલ્ડ્રન હેલ્થ ગાર્ડન''નું ઉદ્‌ઘાટન લાયન્સ ડીસ્ટ્રીક ગવર્નર લાયન દીપકભાઈ ત્રિવેદી, લાયન્સ ક્લબ સોસાયટી પ્રમુખ ડૉ. ટી.બી. પટેલ, ક્રેડાઈ પ્રમુખ કમલેશ પટેલના પિતા અને પેન્શનર મંડળના પ્રમુખ શંકરભાઈ પટેલ (દાતા ''ચિલ્ડ્રન હેલ્થ પાર્ક) અને લાયન્સ ક્લબ ઓફ મોડાસાના પદાધિકારીઓ, લાયન્સ શક્તિના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં ખુલ્લો મુકવામાં આવ્યો હતો. સંસ્થાના સેક્રેટરી કિરીટભાઈ સુથારના જણાવ્યા મુજબ સંસ્થાના બાળકોને બગીચામા જરુરીયાત મુજબ હેલ્થને લગતા સાધનો ગોઠવી દિવ્યાંગ બાળકોને શાળા કેમ્પસમાં જ સગવડ મળી રહેતા દિવ્યાંગ બાળકોમાં આનંદ છવાયો છે. સંસ્થા માટે હંમેશા શહેરના જાણીતા બિલ્ડર કમલેશભાઈ પટેલ અને તેમનો પરિવાર જરૂરિયાત સમયે ભામાશા બની ઉભો રહ્યો છે.

## મોડાસા ટાઉનહોલમાં રાજ્યકક્ષાના રક્તદાન દિવસની ઉજવણી

અરવલ્લી જિલ્લામાં રાજ્યકક્ષાનો રક્તદન દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યાં રક્તદાતાઓ સહિત શહેરીજનો ઉપસ્થિત રહી રક્ત એકત્રિત કરતી સંસ્થા તેમજ સામાજિક આગેવાની કામગીરીને બિરદાવામાં આવી હતી. ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝનના સહયોહ તેમજ રામાણી બ્લડ બેંકના સહયોગથી લાયન્સ ક્લબ દ્વારા અભિવાદન સમારોહ આયોજિત કરાયો હતો. આ કાર્યક્રમમાં ડીસ્ટ્રીકટ ગવર્નર લાયન દિપક ત્રિવેદી, જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પરમાર, તત્ત્વ ઈન્સ્ટિટ્યૂટના જયદત્તસિંહ પુવાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યકક્ષાના રક્તદાન સમારોહમાં રાજ્યના શતાયું મતદાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું, જેમાં ભાવનગર વતની અને વ્યવસાય વકીલાત કરતા સંજયભાઈએ અત્યાર સુધીમાં એકસો ચોસઠવાર રક્તદાન કરીને સમાજ માટે એક સંદેશ આપ્યો છે. તેમનું માનવું છે કે, રક્તદાન કરવાથી સ્ફૂર્તિ મળે છે અને તેનાથી કોઈ જ આડ અસર થતી નથી. મહત્વનું છે કે, થેલેસેમિયાથી પીડિયા દર્દીઓને દર ત્રણ મહિને રક્તની જરૂરિયાત રહે છે તે માટે આવી સંસ્થાઓ દ્વારા રક્ત એકત્રિત કરીને થેલેસેમિયાગ્રસ્ત લોકોને રક્ત પુરૂ પાડવાનું કાર્ય કરે છે.

# ગાંધીજીની જન્મ જયંતિ પર મોડાસા ગાયત્રી પરિવાર દ્વારા સ્વચ્છતા અંગેની જન જાગૃતિ કાર્યક્રમ

**સિંગલ યુઝ પ્લાસ્ટિક હટાવો, પ્લાસ્ટિક કચરાથી પર્યાવરણ બચાવો-વિશેષ સંદેશો આપવામાં આવ્યો**

મોડાસા, તા. ૨

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ પર મોડાસા ગાયત્રી પરિવારના જન્મ જયંતિથી વિશેષ આંદોલન શરૂ કરવા આહવાન કર્યું હતું તેમજ ગાયત્રી પરિવાર હમેશા સ્વચ્છતા અંગેની જાગૃતિ માટે સ્વયં સિંગલ યુઝ પ્લાસ્ટિક બંધ કરવા, પ્લાસ્ટિકના કચરાથી પર્યાવરણને થતાં નૂકશાનને બચાવવા લાઉડસ્પીકર દ્વારા સતત સંદેશો




ભાઈઓ બહેનો દ્વારા સ્વચ્છતા અંગેની જાગૃતિ તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિક હટાઓ માટે તથા પ્લાસ્ટિકના કચરાથી થતાં પર્યાવરણને નુકશાનથી બચવા આજે રેલીની સાથે સૌએ સ્વયં રસ્તાઓ પર પડેલા પ્લાસ્ટિકના કચરાને ઉપાડી આમજનતાને સંદેશો આપવામાં આવ્યો.

ગાયત્રી પરિવારના અગ્રણી કાર્યકર્તા હરેશભાઈ કંસારાના જણાવ્યાનુસાર ભારતના વડાપ્રધાને સ્વતંત્રતા દિવસ પર રાષ્ટ્રની જનતાને પ્લાસ્ટિકના કચરાથી પર્યાવરણને બચાવવામાં જાગૃતિ માટે મહાત્મા ગાંધીજીની ઉદાહરણ બની આમ જનતાને જાગૃતિ માટે સંદેશો આપવા સતત પ્રયત્નશીલ રહે છે. સ્વચ્છતા અભિયાન માટે આજના વિશેષ દિવસ પર ગાયત્રી ચેતના કેન્દ્ર ખાતે સૌ ભાઈઓ બહેનો એકત્રિત થયા. આજના દિવસે સિંગલ યુઝ પ્લાસ્ટિક હટાઓ માટે સ્વયં ઉદાહરણ બની સૌએ પોતાના જીવનમાં ઉપયોગ ન કરવા સંકલ્પ કર્યો.

ગાયત્રી ચેતના કેન્દ્રથી આઈ.ટી આઈ સમગ્ર માલપુર રોડ પર પડેલ પ્લાસ્ટિકના કચરાને આ પીતવસ્ત્ર ધારીઓએ પોતાના હાથે ઉપાડી આ માર્ગને પ્લાસ્ટિકના કચરા મુકત બનાવી આમ જનતાને આપવામાં આવ્યો.

આ રેલી સાથે પ્લાસ્ટિકનો કચરો ઉપાડવાના આજના આ કાર્યક્રમના શુભારંભમાં મોડાસા નગરપાલિકાના પ્રમુખ સુભાષભાઈ શાહ તથા ગાંધીનગરથી સ્વચ્છ ભારત મિશનના પ્રોજેકટ ઓફિસર (અર્બન) અમીબેન દ્વારા મશાલ પ્રગટાવી હતી. મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર પ્રણવભાઈ પારેખ, નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ રુપેશભાઈ ઝાલા આ અભિયાનમાં સામેલ રહી કાર્યક્રમની સફળતા માટે ઉત્સાહમાં વધારો કર્યો હતો.

## બાલેટા ગામ સૂકા ફળીયામાં ૮ ફૂટ લાંબો અજગર ઝડપાયો

વિજયનગર તાલુકાના બાલેટા ગામે ગામેતી ભુરજીભાઈ સુરમાજીના ખેતરમાં ૮ ફૂટ લાંબો અજગર મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગયો હતો. ગામની નજીકથી મળી આવેલા અજગરનાં લીધે મોટી સંખ્યામાં સ્થાનિકો જોવા ઉમટી પડયા હતા. જોકે વનવિભાગને આ મુદે જાણ કરાતા વન અધિકારીઓ પણ ઘટનાસ્થળે તાત્કાલિક ધોરણે બાલેટા ગામે પહોંચી અજગરને પકડ્યો હતો. મોટાભાગે આ વિસ્તારમાં અજગર સહિતના સરીસૃપ જોવા મળતા હોય છે. જોકે અચાનક આટલો મોટો અજગર મળી આવતા સ્થાનિકોમાં પણ ભયનો માહોલ સર્જાયો હતો, ત્યારે હાલમાં વન વિભાગના અધિકારીઓએ વનપાલ કે.એલ. દરગા વનરક્ષક, પી.એન. ઝાલા એન એલ.પી. દહેયા રેસ્ક્યૂ કર્યો હતો, તેમજ જણાવ્યું હતુ કે હેર માતાજીના જંગલમાં અજગરને સુરક્ષિત સ્થાને છોડાયો હતો.

## વિધાનસભા ખાતે મહાત્મા ગાંધીજીના ૧૫૧મા જન્મદિવસ નિમિત્તે પુષ્પાંજલિ અપાઈ

ગાંધીનગર, તા. ૨

સત્ય, અહિંસા, પ્રેમ અને કરુણાને વરેલા તથા અંત્યજોના ઉદ્ધારક, અસ્પૃશ્યતા નિવારક, નશાબંધી, સ્વાવલંબન અને સ્વદેશીનો વંટોળ ઉભો કરનાર મહાપુરુષ અને ગ્રામોદ્ધારક પૂજ્ય મહાત્મા ગાંધીજીના ૧૫૧મા જન્મદિવસ નિમિત્તે પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર અને ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ દ્વારા વિધાનસભા પટાંગણમાં આવેલી પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમાને અને વિધાનસભા ગૃહ ખાતે તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ આપીને શ્રદ્ધાસુમન અર્પણ કરાયા હતા.

# ગાંધીભૂમિ પોરબંદર ખાતે કીર્તિમંદિરમાં સર્વધર્મ સભામાં સહભાગી થતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨

સાબરમતીના સંત વિશ્વ વંદનિય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તેપાવનકારી પોરબંદરમાં તેમના જન્મ સ્થળ કીર્તિમંદિરમાં યોજાયેલા સર્વધર્મ પ્રાર્થના સભામાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, જિલ્લા



પ્રભારીમંત્રી જવાહરભાઈ ચાવડા, ભાઈશ્રી રમેશભાઈ ઓઝા અને સમાજ શ્રેષ્ઠીઓ સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ૧૫૦મી ગાંધી જયંતિએ પૂજ્ય બાપુના પર્યાવરણવાદી વિચારોનું સંવર્ધન થાય અને રાજ્યની શાળાઓના બાળકો વિદ્યાર્થીઓ પર્યાવરણ વિષયે વધુ સજાગ જાગૃત થાય તેવા ઉદાત ભાવથી રાજ્યની પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાં પર્યાવરણ પ્રયોગ શાળા શરૂ કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે.

વિજયભાઈ રૂપાણીએ પોરબંદરમાં ૧૫૦મી ગાંધી જયંતિએ આયોજિત પ્રાર્થના સભા અને સ્વચ્છતા હીં સેવા અંતર્ગત શ્રમદાન કાર્યક્રમમાં આ જાહેરાત કરતા કહ્યું કે, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણના માધ્યમથી પર્યાવરણ શિક્ષણને વેગ આપવા અને બાળકોમાં પર્યાવરણ અંગે વિશેષ સમજ કેળવવા આ પ્રયોગ શાળાઓ એક નવતર પ્રકલ્પ બની રહેશે.

તેમણે કહ્યું કે, રાજ્યની શાળાઓમાં જેમ કોમ્પ્યુટર લેબ ગણિત-વિજ્ઞાનના વિષયોની લેબ છે તે જ રીતે આ પર્યાવરણ પ્રયોગ શાળા કાર્યરત કરાશે.

ગાંધીજી આજે પણ આપણી વચ્ચે છે તેમના જીવન સાથે સંકળાયેલા તમામ સ્થળો સાબરમતી આશ્રમ, રાજકોટના તેમના અભ્યાસની શાળા, દાંડીયાત્રા અને કીર્તિમંદિરને જોડીને ગાંધી સર્કીટના નિર્માણનો આપણે ભગીરથ પ્રયાસ કર્યો છે. જેનાથી સમગ્ર વિશ્વને આપણે ગાંધીજીના નૈતિક મૂલ્યો તેમનો જીવન સંદેશ વિશ્વમાં પ્રસરશે.

## પલ્લીના મેળામાં... ● છેલ્લા પાનાનું ચાલુ

કરવામાં આવી છે. આ ઉપરાંત કોઈ પાણીજન્ય રોગચાળાની સ્થિતિ ઉભી ના થાય તે માટે ઘરે ઘરે ક્લોરીનની ટિકડીઓનું વિતરણ પણ કરવામાં આવશે. આરોગ્યતંત્રએ ૨૪x૭ માટે છ ડૉક્ટરોની નિયુક્તીના હુકમો પણ કરી દીધા છે. જેમાં રૂપાલ ઉપરાંત આદરજમોટી પી.એચ.સી.ના તબીબી અધિકારી ઉપરાંત ૪ અન્ય તબીબી અધિકારીઓનો સમાવેશ થાય છે. જિલ્લાતંત્ર દ્વારા આ પલ્લીના મેળામાં કોઈ દુર્ઘટના ના થાય તે માટે પણ જરૂરી પલાં અલગથી લેવામાં આવ્યા છે.

## ખાસ બસ સેવા... ● છેલ્લા પાનાનું ચાલુ

આગામી દિવસોમાં પણ ભાવિકોની સંખ્યાને ધ્યાને લઈ આ રૂટમાં ખાસ બસ દોડાવાશે. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા વિવિધ સરકારી કાર્યક્રમો તેમજ લગ્નવર્ધિ અને ધાર્મિક કાર્યક્રમો માટે વધારાની બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે. જયારે ધાર્મિક તહેવારોમાં પણ વિશેષ બસ સેવાના આધારે ગાંધીનગર ડેપો મુસાફરોને યોગ્ય વાહન સેવા પુરી પાડી વધારાની આવક પણ મેળવે છે. ત્યારે નવરાત દરમિયન પણ આ બસ સેવા માટે આયોજન કરાયુ છે. બીજીતરફ મુસાફરો માટે ખાસ બસ સેવા સાથે મુસાફરોની સલામતી માટે એસ ટી ડેપોમાં પોલીસ ચોકી પણ કાર્યરત કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

## પહેલું સુખ.... ● ચોથા પાનાનું ચાલુ

કારેલા, પરવળ, ડુંગળી, સુરણ, આદી વધુ માત્રામાં લઈ શકાય. હાલ, ડાયાબિટીસ ખુબ પ્રવર્તમાન હોવાથી ડાયાબિટીસને લગતા અનેકોઅનેક ઈલાજો બજારમાં વેચાય છે. આમાંના ઘણાખરાની અસરકારકતા પર પ્રશ્નાર્થ છે. અસર તો ઠીક, તેઓ આડઅસર વધુ કરે છે. આથી લોકોએ અનુસરણ કરતા પહેલા યથાશક્તિ સમજ મેળવવી જરૂરી છે. ડાયાબિટીસનું નિયત સમયાંતરે ચેક અપ કરાવવું અનિવાર્ય છે. ચેક અપને અનુસાર ચિકિત્સકની સલાહ મૂજબ ઈન્સ્યુલીન કે બીજા ઉપાયો અંગે વિચારવું જોઈએ. ઉપરોક્ત વર્ણિત આયુર્વેદ કે ઘરગથ્થું ઉપચારો જરા પણ આડઅસરકરતા નથી. તેમ છતા ચિકિત્સકનાં મત મૂજબ જ આગળ વધવું સલાહ ભર્યું છે. રક્તમાં શર્કરાનું વધુ પ્રમાણ જેટલું હિતકારક છે તેટલું જ રક્તમાં શર્કરાનું ઘટેલું પ્રમાણ પણ હાનીકારક છે. આથી કોઈપણ પ્રકારના ઉપચારોમાં સાવધાની રાખવી જરૂરી છે.

## મનનો ઉમંગો ● ચોથા પાનાનું ચાલુ

ત્રીજે ઘોડે રે ભૂવો દીઠો ને ભડક્યો બડકમદાર,
એવો ભડક્યો રે ભાગી ભાગીને ભાગ્યો ગામની બહાર.
ઘોર અંધારી રે રાતલડી ત્યાં નીકળ્યાં ચાર અસવાર,
ચોથે ઘોડે રે વાદળ દીઠાં ને ભડક્યો બડકમદાર
એવો ભડક્યો રે ભાગી ભાગીને ભાગ્યો ગામની બહાર.
ઘોર અંધારી રે રાતલડી ત્યાં નીકળ્યાં ચાર અસવાર,
ઘોડલા ભડક્યા ને અસવારો પટકાયા ચારે ચાર
ગરબા કેમ થશે રે ચાચર ચોકમાં ભરિયો ગાર
ગરબા ગાતાં રે અરરર લપસ્યાં બૈરાં ચાર.

## પદ્મશ્રી ડોક્ટર એચએલ ત્રિવેદીનું થયેલું અવસાન

આશરે પાંચ હજારથી વધુ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરનાર નેફ્રોલોજિસ્ટ પદ્મશ્રી ડો. એચ.એલ. ત્રિવેદીનું આજે ૯૦ વર્ષની ઉંમરે દુ:ખદ નિધન થયુ હતું. તેઓ છેલ્લા લાંબા સમયથી બીમાર હતા. બપોરે અઢી વાગ્યે તેમનું અવસાન થયું હતું. આવતીકાલે તેમના પાર્થિવ દેહને દર્શનાર્થે ઈન્સ્ટિટ્યુટના પ્રિમાઈસિસમાં સવારે ૮-૦૦ વાગ્યાથી ૧૧-૦૦ વાગ્યા સુધી રાખવામાં આવશે.

## વિશ્વમાં વધી છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

દુનિયાના દેશોમાં જાણિતા સંગીતકારો અને ગાયકોએ વૈશણવ વજનતો તેને કહીએ ગાયુ હતું. યુએનમાં પણ આયુષ્યમાન ભારતની નીતિ અંગે ચર્ચાઓ થઈ હતી.

દરેક સમસ્યાના સમાધનમાં ગાંધીની મહેક મળે જ છે. યુએનમાં આતંકવાદ પર સેમિનાર થયો. જેને જોર્ડનના કિંગ દ્વારા હોસ્ટ કરાયો હતો. મને પણ આમંત્રિત કરાયો હતો. આતંકવાદ અંગેના વિચારો જોર્ડનના કિંગએ વ્યક્ત કર્યા હતા.

હ્યુસ્ટનમાં બંને પક્ષોના નેતા હાજર હતા. ત્યાં ટ્રમ્પનું આવવું અને આટલો સમય રોકાવું તે ખુશીનો અવસર હતો. સિક્યોરિટીની ચિંતા કર્યા વિના ટ્રમ્પે વિક્ટ્રી વોલ્ક મારી સાથે કર્યુ હતું.

ગુજરાતની માટીમાં તાકાત છે જ માટીમાં સરદાર અને ગાંધીનો જન્મ થયો છે. નમન કરવાનો અવસર મળ્યો તેના માટે આભારી છું.

## નજરબંધીનો અંત

● અનુસંધાન પહેલાનું ચાલુ

હજુ બે દિવસ પહેલાંજ ફારુખ અબ્દુલ્લાના મિત્ર દ્રમુકના નેતા વાઈકોએ સુપ્રીમ કોર્ટમાં ફારુખને પબ્લિક સેફ્ટી એક્ટ હેઠળ અટકાયતમાં રાખ્યા તેની સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. જો કે સુપ્રીમ કોર્ટે એ અરજી ફગાવી દીધી હતી.

સત્તાવાર જાહેરાત મુજબ કોંગ્રેસ, નેશનલ કોન્ફરન્સ, પીડીપી તથા પેંથર્સ પાર્ટીના નેતાઓને મુક્ત કરાયા હતા. આ બધા નેતાઓને તેમના નિવાસસ્થાનમાં જ નજરકેદ કરાયા હતા. ઘરની બહાર સાદા વેશમાં સશસ્ત્ર પોલીસ રખાઈ હતી.

તેમના બહારની દુનિયા સાથેના સંદેશ વ્યવહારનાં સાધનો પણ બ્લોક કરાયા હતા. મુક્ત કરાયેલા તમામ નેતાઓને એવી ચેતવણી પણ અપાઈ હતી કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને અસર કરે તથા ભાઈચારો નષ્ટ કરે એવું કોઈ નિવેદન કરતા નહીં.

## પ્રતિબંધ નહીં

● અનુસંધાન પહેલાનું ચાલુ

લાગૂ કરવા જઈ રહી નથી. એમ માનવામાં આવે છે કે, સરકાર આનો ઉપયોગ નહીં કરવાને લઈને લોકોને જાગૃત કરનાર છે પરંતુ ઉત્પાદન ઉપર રોક માટે કોઈ નવા કાનૂન લાવવા જઈ રહી નથી. સ્વચ્છ ભારત ટ્વિટર હેન્ડલથી આ પ્રકારની પ્રતિક્રિયા આપવામાંઆવી છે. સરકાર અર્થવ્યવસ્થામાં પહેલાથી જ રહેલી મંદીના કારણે આ પગલાનો ટાળવાના પ્રયાસમાં છે. ઓટો સેકટર અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં પહેલાથી જ સુસ્તી રહેલી છે. લોકોને નોકરી ગુમાવવાની ફરજ પડી રહી છે. આવી સ્થિતિમાં સરકારને આશંકા છે કે, હાલમાં પ્લાસ્ટિક ઉત્પાદન ઉપર બ્રેક મુકવાની સ્થિતિમાં માઠી અસર થઈ શકે છે જેથી આ નિર્ણયને હાલ કઠોરરીતે લાગૂ નહીં કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સ્વચ્છ ભારત તરફથી ટ્વિટ પર કહેવામાં આવ્યું છે કે, મોદી તરફથી ૧૧મી સપ્ટેમ્બર ૨૦૧૯થી શરૂ કરવામાં આવેલા સ્વચ્છતા સેવા અભિયાનનો હેતુ સિંગલ યુઝ પ્લાસ્ટિકને બેન કરવાના નથી બલ્કે તેના ઉપયોગને મર્યાદિત કરવાનો રહેલો છે. લોકોમાં જનજાગૃતિ જગાવવાનો રહેલો છે. આ ટ્વિટમાં પીએમઓને પણ ટેગ કરવામાં આવ્યું છે. બે અધિકારીઓએ સ્પષ્ટતા કરતા કહ્યું છે કે, પ્લાસ્ટિક બેગ, કપ, પ્લેટ, નાની બોટલ, સ્ટ્રો અને અન્ય કેટલાક પ્રકારના પાઉચને બેન કરવા માટે તાત્કાલિક ધોરણે કોઈ પગલા લેવામાં આવ્યા નથી. સરકાર આના ઉપયોગમાં કમી લાવવા માટે પ્રયાસ કરી રહી છે. પર્યાવરણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓના કહેવા મુજબ સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રોડક્ટ જેવા પોલિથિન બેગ અને સ્ટેરોફાર્મના સ્ટોરેજ, મેન્યુફેક્ચરિંગને લઈને સરકાર રાજ્યોથી વર્તમાન કાયદાને જ લાગૂ કરવા માટે કહેશે. હાલમાં બેન માટેનો કોઈ આદેશ જારી કરવામાં આવ્યો નથી. સરકારના સૂચિત બેનના કારણે નિરાશાનો સામનો કરવો પડી શકે છે. સોડા, બિસ્કિટથી લઈને કેચઅપ અને શેમ્પૂ જેવા પ્રોડક્ટના પેકેજિંગ માટે પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ નિર્ણય અનેક સેક્ટરો માટે અસ્તિત્વનો મુદ્દો બની ગયો હતો જેથી આ નિર્ણય ઉપર હાલ ધીમીગતિએ આગળ વધવાની યોજના તૈયાર કરવામાં આવી છે. સરકાર પણ દુવિધાભરી સ્થિતિમાં આવી ગઈ છે. બીજી ઓક્ટોબરથી જે પાંચ વસ્તુઓ ઉપર બ્રેકની વાત હતી તેમાં કેરીબેગ ઉપરાંત પ્લાસ્ટિક અને થર્મોકોલની કટલરી વસ્તુઓ, પાઉચ, ૨૦૦ મિલીથી નાની બોટલો સામેલ હતી પરંતુ હાલમાં કોઈ દંડની વ્યવસ્થા કરવામાં આવી નથી.

## અંધારપટ્ટ...

● છેલ્લા પાનાનું ચાલુ

સ્ટ્રિટલાઈટના પચાસ ટકા થાંભલા બંધ હાલતમાં છે. નવા સેક્ટરો ઉપરાંત સે. ૧૪, સે. ૧૬, સે. ૨૪, ૨૫ અને ૨૬ સહિતના વિસ્તારમાં સ્ટ્રીટલાઈટો બંધ હોવાથી અંધારપટ છવાયેલો રહે છે. આ અંગે જવાબદાર તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતાં કોઈ પગલા લેવાતા નથી. આ ઉપરાંત સેક્ટરોમાં બંધ સ્ટ્રિટલાઈટોની સાથે માર્ગો પર ઠેર ઠેર મોટા ભૂવા પડ્યા છે. નાગરિક બેંક તરફ જવાના માર્ગ પર છેલ્લા આઠ દિવસથી મોટો મસ ખાડો ભયજનક સ્થિતિમાં છે. જ્યારે સેક્ટરોમાં સ્ટ્રોમવોટર લાઈનના ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ ન થતાં વાહનચાલકો ગમે ત્યારે ખાડામાં ઉતરી જાય તેવી સ્થિતિ છે. ફૂટપાથ અને પેવર બ્લોક પણ તુટેલી હાલતમાં છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે સેક્ટરોમાં ઉદભવેલી આ દુવિધાઓ અને ભયજનક સ્થિતિ નિવારવા તંત્ર સમક્ષ રજૂઆત કરી છે.

## બંધ રખાઈ...

● છેલ્લા પાનાનું ચાલુ

જીવનના પ્રસંગો વર્ણવતું પ્રદર્શન જ્યાં છે તે 'દાંડી કુટિર' ખુલ્લી ના રાખી શકાય ?? આવા સવાલો સાથે ''હલ્લો ગાંધીનગર'' ગૃપના યુવાનોએ આજે ભારે હૃદયે દાંડી કુટિરથી વિદાય લીધી ત્યારે તેમના મનમાં પેલી પંક્તિઓ ગૂંજી ઉઠી હતી કે ''...ગાંધી તુ ખુરશી સુધી પહોંચવાનો રસ્તો બની ગયો'' ''હલ્લો ગાંધીનગર'' ગૃપના સેક્ટર-૨૭માં રહેતા એક યુવાન હિરેન શાસ્ત્રીએ જણાવ્યું હતું કે 'મહાત્મા ગાંધીના જન્મ દિવસે સત્ય અને અહિંસાનો પાઠ તો આપણે શિખીએ છીએ પરંતુ તેનો અમલ કેટલો થાય છે તે આપણે જાણીએ છીએ, આજે ગાંધી જયંતિએ અમે યુવાનો ઉપરાંત અન્ય પ્રવાસીઓ પણ ગાંધીજીના જીવન કવન વિશે વધુ જાણવા દાંડી કુટિર આવ્યાં હતા પરંતુ તે આજના મહત્વપૂર્ણ દિવસે બંધ રખાતા અમને દુ:ખદ સાથે આશ્ચર્ય થયું છે અને અમે ભારે હૃદયે પરત ફર્યા હતા. શું આજના દિવસે પૂ. બાપુના આ પ્રદર્શનને ચાલુ ના રાખી શકાય ??'